અપીલ અરજી નં.૩૯૪ તા.૯–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડે
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડેની તા.ર–ર–૧૧ની અરજીથી કેવટ તીર્થરાજ સીતારામ રહેવાસી સાંઈનગર /રૂપાલી નહેર વસાહત, સુરત ટીપી નં.૩૬ (અલથાણ) ફા.પ્લોટ નં.૧૧૬ માં કયા આધારે મકાન આપવામાં આવેલ તેના આધાર પુરાવાની પ્રમાણિત નકલ આપવી. સદર સોસા.ના મકાનમાં અનાજ કરીયાણાની દુકાનની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? ઉપર જણાવેલ સ્થળે કેટલા ઝોનમાં મકાનો આપવામાં આવેલ જે પુરાવા સાથેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૯–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૪/ર૦૧૦–૧૧.

શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડેની તા.ર–ર–૧૧ની અરજીથી કેવટ તીર્થરાજ સીતારામ રહેવાસી સાંઈનગર /રૂપાલી નહેર વસાહત, સુરત ટીપી નં.૩૬(અલથાણ) ફા.પ્લોટ નં.૧૧૬ માં કયા આધારે મકાન આપવામાં આવેલ તેના આધાર પુરાવાની પ્રમાણિત નકલ આપવી. સદર સોસા.ના મકાનમાં અનાજ કરીયાણાની દુકાનની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? ઉપર જણાવેલ સ્થળે કેટલા ઝોનમાં મકાનો આપવામાં આવેલ જે પુરાવા સાથેની માહિતી આપવા બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૮ તા.૧૭–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથીમાંગેલ માહિતીની વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી મળેલી માહિતીની વિગતો મુળ અરજીથી માહિતીની વિગતો માંગેલ પૈકી કઈ માહિતી મળેલ નથી તે જણાવેલ ન હોઈ તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આનં.૧૪૪૫ તા.ર૫–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ તથા જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપવા જોગ માહિતી અંગે દસ્તાવેજ ફી ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.સા.વે. ઝોન/ અઠવા/આરટીઆઈ/આનં.૧૩૫૯/એ તા.ર૮–ર–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.ર–ર–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસધાંને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આનં.૧૩૫૯/એ તા.ર૮–ર–૧૧ થી માંગેલ માહિતી અને જરૂરી દસ્તાવેજ માટે પાના નંગ– ૯૮૪ પ્રતિ રૂા.ર/– લેખે કુલ રૂા.૧૯૬૮ /– ( એક હજાર નવસો અડસઠ રૂપિયા પૂરા) જમા કરાવવા નિયત સમય અવધિમાં અરજદારને જણાવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે માહિતીની વિગતો જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારે અપીલ સાથે નિયમ–૬ મુજબની કોઈ વિગતો રજૂ કરેલ નથી તેમજ અપીલ તબકકે પણ પત્ર પાઠવવા છતાં માહિતી મળેલ છે કે નહીં અને મળેલ માહિતી બાબતે નારાજગી છે કે કેમ? તેવું કોઈ અપીલનું કારણ જણાવ્યા વગર અપીલ અરજી કરેલ છે અને પૂરક વિગતોમાં પણ તેની સ્પષ્ટતા કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ પ્રસ્તાવ બાબતે માહિતી મેળવેલ છે કે કેમ? તેવું કોઈ અરજદાર તરફથી જણાવવામાં આવેલ નથી પરંતુ જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલી વિગતોમાં અરજદારે દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ નથી અને મેળવેલ નથી તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર–ર–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ રકમ ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,( અઠવાઝોન), ....જાણ તથા અમલ માટે .
(ર) શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડે